# <u>તમે ખોટી કલ્પના શીદને કરો રે</u>

**તમે ખોટી કલ્પના શીદને કરો રે**
**ધણીએ ધાર્યુ હોય તે થાય……તમે**

**માનવ જાણે મે કર્યું, એને કરતલ દુજો કોઈ**
**અણધારી એવી કરે તારા દિલ માયે ના હોય……તમે**

**માનવને વહાલી માયા, માંગે ધન ને માલ**
**માગ્યા સુખડા જો મળે તો, શીદ ફરે બેહાલ……તમે**

**માનવ માંગે દિકરા ને, માંગે પુત્ર પરિવાર**
**સુખ સંપતિ ને સાહ્યબી માંગે, માંગે હાથી ઘોડાર……તમે**

**ગુરૂ પ્રતાપે ગાઈ શામળો, મન મત બન તું ખુંવાર**
**પાંજર તેનું પ્રારબ્ધ બને, ઈ તો લોઢું જાણે ને લુહાર……તમે**